પત્રિકા ૧૭૮

# ચિરાગે હિદાયત

૨૮/૦૯/૧૮ ૧૭ મોહર્રમ

## હુસૈની સંદેશ

સમાજમાં અને ખાસ કરીને જવાનોમાં હુસૈની સંદેશો પહોંચાડવાનું કામ અસરકારક રીતે નથી થતું. સંદેશાઓ એક લાંબા સિલસિલાનું નામ છે. જેના જુદા જુદા દ્રષ્ટિકોણ છે. જે સમગ્ર શિયાઈ માળખાને મજબૂત બનાવે તે માટે કૌમની દરેક વ્યકિતને શીખવા અને શીખવવા તરફ અભિગમ કેળવવો પડશે. એટલુંજ નહી બલ્કે સમાજમાં એક એવી આંતરિક શક્તિ ઉત્પન્ન કરવી પડશે જેનાથી વાંચનારાઓમાં ચારિત્ર્યની ક્રાંતિ પૈદા થાય.

જરૂરત એ વાતની છે કે સાહિત્ય અને જવાનોનું શિક્ષણ અને કંઈક શીખવામાં ઈમામ હુસૈન(અ.સ.)ના સંદેશાઓને તેના મતલબ અને અર્થની સાથે ખુબજ સુંદર અને આકર્ષક રીતે આપણા જવાનો સુધી પહોંચાડવામાં આવે, જેથી જવાનો ઈમામ હુસૈન(અ.સ.)ના ધ્યેયને સમજવામાં પોતાની પૂરતી કોશિશ કરે.

સૌથી પહેલા આવો! આપણે જોઈએ કે ઈમામ હુસૈન(અ.સ.)એ પોતાના પવિત્ર કથનમાં પોતાની ઓળખ કઈ રીતે અને કયા અંદાઝથી આપી છે. તેમાંથી સંદેશાઓના કયા કયા મુદ્દાઓ નીકળે છે.

આપ(અ.સ.) ફરમાવે છે : "અના અહલો બયતીન નબુવ્વતે વ મઅદેનુર્રેસાલતે વ મુખ્તલફુલ મલાએકતે બેના ફત્હુલ્લાહે વ બેના યખ્તીમ."

એટલે કે "અમો અહલેબય્તે નબુવ્વત છીએ અને અમે છીએ રિસાલતની ખાણ. આ મારૂં જ ખાનદાન છે, જ્યાં ફરિશ્તાઓની આવન જાવન છે. આ તે ઘર છે જ્યાં ખુદાની રહેમત ઉતરે છે. ખુદાંવદે કરીમે મારા ખાનદાનથી દુનિયાની શરૂઆત કરી અને અંત સુધી તે અમારા ખાનદાનની સાથેજ રહેશે."

(આ વાક્યો ઈમામ હુસૈન(અ.સ.)એ તે સમયે ફરમાવ્યા હતા. જ્યારે મદીનામાં વલીદે બયઅતની માંગણી કરી હતી.)

(અદબુલ હુસૈન વ હોમાસતા, પે.૧૦૨,
સંપાદક:અહમદ સાબેરી હમદાની)

આ સંદેશા દ્વારા તે સૂતેલા આત્માઓને જગાડયા છે જેઓની વિચારવાની શક્તિ સુસ્ત થઈ ગઈ છે કે બીજી કોઈ તરફ ભટકી રહી છે. આપ ધ્યાન દોરી રહ્યા હતા કે મારી વાતોને સાંભળો અને તેની ઉપર અમલ કરો. મારા ચારિત્ર્યથી પોતાના ચારિત્ર્યને શણગારો હું તે છું જેણે ફરિશ્તાઓને આવતાં જતાં અને ખિદમત કરતા જોયા છે. હું છું જેના ઘર ઉપર પરવરદિગારની બેશુમાર રહેમતો ઉતરી રહી હતી. જે ઈસ્લામે મારા ખાનદાનમાંથી પહેલું

ડગલું ભર્યુ હતું તેનું અંતિમ સ્થાન પણ મારા ખાનદાનમાંથી જ જાહેર થશે. (ઈન્શાઅલ્લાહ તે દિવસ દૂર નથી કે આપ(અ.સ.)ના પુત્ર આપ(અ.સ.)ના નાહક ખૂનનો બદલો લેશે અને તેમના ઝહૂરના પુર નૂર પ્રકાશથી દુનિયાને ન્યાય અને ઈન્સાફથી ભરી દેશે.)

આપ(અ.સ.)એ ઈસ્લામને જીવંત રાખવા માટે ખુદાના માર્ગમાં પોતાનું લોહી આપી દીધું, જેથી ખુદાના બંદાઓને અને તૌહીદના ફરઝંદોને નીચતા અને અજ્ઞાનતાના અંધારામાંથી બહાર આવી શકે અને જુઠ્ઠી તોહમતોથી ભયભીત જીવનને બદલે સત્યના માર્ગે મક્કમ રીતે, ધીરજ અને આત્મ વિશ્વાસથી જીવન પસાર કરી શકે.

જેમકે ઝિયારતે અરબઈનમાં લખ્યું છે **"વ બઝલ મોહજતહો ફીક લે યસ્તન્કેઝ એબાદક મેનલ જહાલતે વ હયરતીઝ ઝલાલતે."** અર્થાત **"તેણે (હુસૈન અ.સ.એ) પોતાના ખૂનને તારી રાહમાં નિસાર કરી દીધું, જેથી (અય ખુદા!) તારા બંદા અજ્ઞાનતા, પરેશાની અને ગુમરાહીથી મુકિત મેળવે."**

**** અજ્ઞાનતા :***

અજ્ઞાનતા એવી બાબત છે જ્યાં બુધ્ધિ નિષ્ક્રિય થઈ જાય છે.

માનવીની સમજના વિકાસનું માધ્યમ છે જ્ઞાન. જે જ્ઞાની લોકોના સત્સંગથી અને જ્ઞાનની ચર્ચાઓથી આવે છે. ઈમામ હુસૈન(અ.સ.)એ તેની વધુ સ્પષ્ટતા કરતા કહ્યું છે "દેરાસતુલ ઈલ્મે લેકાહુલ મઅરેફહ."

આ કથન વર્તમાનની આપણી નવી પેઢીને સુચન કરી રહ્યું છે કે તમારો કિંમતી સમય તે જ્ઞાન મેળવવામાં પસાર કરો, જે મઅસુમોના દ્વારોથી પ્રાપ્ત થાય છે. પોતાનો સમય ગુનેહગાર લોકો સાથે પસાર ન કરો, તે બદગુમાની અને છળકપટ જેવું છે.

તેથી આપ(અ.સ.) ફરમાવે છે "મજલેસતો અહલુલ ફીસ્કે રયબહ." – ગુનેહગારો સાથે ઉઠવું, બેસવું માનવીને શંકાશીલ બનાવી દે છે.

** હિણપાતઃ*

હિણપાત અને ગુમરાહીથી બચવા માટે આપ(અ.સ.)એ ફરમાવ્યું "તે માર્ગ જે તમને સત્યની તરફ દોરી જાય છે તેને (તેમાં પડતી મુશ્કેલીઓને) સહન કરવામાં ધીરજ ધરો અને જે તમને સત્યના માર્ગથી દૂર કરવા ચાહે છે તેનાથી અળગા રહો, (જોકે) તમારી મનોકામનાઓ, તમને તેના દેખીતા લાભો તરફ દોરશે. ધીરજ અને સબ્રને તમારૂં ધ્યેય બનાવો."
(મવસુઅતે કલેમાતે ઈમામ હુસૈન(અ.સ.), પા. ૭૭૦)

## * સત્યનો માર્ગ અપનાવો:

આ માર્ગમાં દુઃખ સહન કરવું અને જે ખોટો માર્ગ દેખાડે છે, દેખીતા લાભો પ્રત્યે ઈચ્છાઓને દોરે છે, તેનાથી દૂર રહેવું.

ઈમામ હુસૈન(અ.સ.)એ આ ચાર કાર્યો કરવાનું પોતાના સંદેશામાં જણાવ્યું છે. તેમાંથી એક નવો મુદ્દો ઉપસ્થિત થાય છે કે સમાજને સાચા માર્ગદર્શકની જરૂર છે, નહિ તો ખોટા માર્ગ દોરનારાઓને ઘણા આકર્ષક ઈશારાઓ થાય છે.

જે સત્યના માર્ગો અને સદકાર્યો તરફ આગળ વધે છે તેઓમાં કઈ કઈ નિશાનીઓ છે. જે આપ(અ.સ.)એ ફરમાવી છે **"સૌથી વધુ સખી એ માણસ છે જે કોઈને સખાવત કરે છે પછી કયારેય તેની પાસે નાની એવી માંગણી પણ નથી કરતો."** પછી આપ(અ.સ.) ફરમાવે છે કે **"માફ કરનારાઓમાં સૌથી વધુ ઉચ્ચ માણસ એ છે કે બદલો લેવાની શકિત ધરાવતો હોય તેમ છતાં માફ કરે."** આ અંગેની ઘણી રિવાયતો અને ઈમામની હદીસો છે. પરંતુ આ દીર્ઘતા, ઉંડાણ, ધીરજ, સબર અને આ સુંદર ચારિત્ર્ય માનવીમાં તે સમયે પૈદા થાય છે જ્યારે તે પોતાના ઈમાનને સંજોગોના એરણ ઉપર પારખી લે છે અને જ્યારે તેની તેજસ્વી પ્રકૃતિમાં યકીનનો

પ્રવેશ થાય છે. નહી તો શૈતાન ડગલેને પગલે વસવસાની જાળ પાથરે છે.

આ માટે પણ હઝરત(અ.સ.)એ ફરમાવ્યું **"તમને (એ મારા શીયાઓ!) શયતાનના કહેવા ઉપર કાન ધરવાથી રોકું છું. એટલા માટે કે તે તમારો ખુલ્લો દુશ્મન છે."** (અદબુલ હુસયન વ હમાસતા, પા. ૭૧)

હકીકતમાં હુસૈની સંદેશાઓ એક સંપૂર્ણ પાઠશાળા છે, જે આપણને માર્ગદર્શન આપે છે, જે આપણને નિડરતાથી જીવન જીવવાની રસમ દર્શાવે છે, જે સમાજની બિમારીઓને દૂર કરે છે, જે આપણને તૌહિદનો પાઠ આપે છે, જે આપણને રિસાલતની તબ્લીગનો અર્થ સમજાવે છે, જે આપણને ઈમામના માર્ગ અને રીતભાત તરફ દોરે છે. ઈમામ હુસૈન(અ.સ.)નો એ સમય તે કાળ હતો, જે કાળમાં શૈતાનના કુફ્ર અને હલકાઈની લપેટમાં ઈસ્લામી રાજ્યોની દૂર દૂરની સરહદો આવી ચુકી હતી. તેથી કુફ્ર અને યઝીદ તેના સત્તા સ્થાને હતો. તેથી કુફ્ર અને અધમતાનું બીજું નામ યઝીદીય્યત પડી ગયું હતું.

આ સમયકાળ દરમ્યાન ઈમામ હુસૈન(અ.સ.)એ શરીયતે મોહમ્મદીની કશ્તી એ રીતે પાર ઉતારી જે રીતે હઝરત નૂહ(અ.સ.)ની કશ્તી તોફાનમાંથી સહી સલામત પસાર થઈ ગઈ હતી.

તે માટે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું

"અલ હુસૈનો મીસ્બાહુલ હોદા વ સફીનતુન નજાત."

અંતમાં સય્યદુશ્શોહદા ઈમામ હુસૈન(અ.સ.)ની દોઆના થોડા વાક્યો છે જે આપણને સંદેશો આપી રહ્યા છે કે ખુદા પાસે જો કાંઈ માંગવું જ છે તો એ માંગો જેનાથી બધુંજ મળી જાય. જેની સરખામણીમાં દુનિયાના ભૌતિક સાધનો હલ્કા દેખાય અને માનવી પોતાને રૂહાની આત્મિક અને અર્થપૂર્ણ પ્રગતિથી અલ્લાહના ભેદોને ખુલ્લા થતાં જોવા લાગે.

આપ(અ.સ.) અલ્લાહની બારગાહમાં દોઆ માટે હાથ ફેલાવે છે અને ફરમાવે છે:

"અય અલ્લાહ! મારા નફસમાં બેનીયાઝી (આત્મનિર્ભરતા) મારા દિલમાં યકીન, મારા અમલમાં નિખાલસતા, મારી આંખોમાં નૂર અને દીનમાં દ્રષ્ટિ અર્પણ કર અને મારા અંગ ઉપાંગોને ખુશહાલી આપ અને મારી આંખો અને કાનોને મારા વારસદારો બનાવ. (જેથી બુદ્ધિ અને જીવને સાંભળવું અને જોવું પ્રાપ્ત થાય)" (દોઆએ અરફા)

---

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com